દાદા ભગવાન પરિવારનું

જાન્યુઆરી ૨૦૨૦

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ

## જાત્રાથી જેકપોટ



# જાત્રાથી જૅકપૉટ



## સંપાદકીય

બાળમિત્રો,

ભગવાનના દર્શન મંદિરમાં તો થાય છે. તો એના માટે છેક જાત્રાએ જવાની શી જરૂર છે ? આટલા પગથિયા ચડવાના, લાઈનોમાં ઊભા રહેવાનું. કેટલી તકલીફો ભોગવવાની ? આ પ્રશ્ન મારી જેમ તમને પણ મૂંઝવતો હશે ને ?

આ વખતે સમ્મેત શિખર જાત્રા જવાની છે. તો ચાલો, આ અંકમાં આપણે જાત્રા સંબંધી ઘણી નવી નવી વાતો જાણીએ જે આપણે ક્યારેય સાંભળી નહીં હોય. એમાં પણ જ્ઞાની સાથે જાત્રાએ જવા મળે એ તો મહાભાગ્યની વાત છે. માટે જાત્રાને જેકપોટ કહો ને !!!

તો આવો જાત્રાનું મહત્વ જાણીએ અને જ્ઞાની સાથે જાત્રા માણીએ.

- ડીમ્પલભાઈ મહેતા


Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2020, Dada Bhagwan Foundation
All Rights Reserved



વર્ષ : ૧૨, અંક : ૫
સળંગ અંક : ૧૩૭
જાન્યુઆરી ૨૦૨૦



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org


## અક્રમ એક્સપ્રેસ


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...



દાદાશ્રી : આ બધા મહાત્માઓને દર્શન કરવા શા હારું તેડી જાઉં છું ? પહેલાં ભૂલો કરેલી તે ભૂલો માફ કરવા માટે ત્યાં તેડી જાઉં છું.

દરેક ધર્મ સ્થાનક પાછળ દેવ-દેવી હોય છે. આપણો ભાવ બગડેને તો દેવ-દેવીઓને ખબર પડે. અને એ લોકો કંઈક દંડ પણ આપી શકે. એક વખત જાત્રામાં એક ભાઈને કંઈક ભાવ બગડ્યા હતા ને તો તે સીડી પરથી પડ્યા. કશું કારણ નહોતું અને પડ્યા. બધું છોલાઈ ગયું. ત્યારે દાદાએ કહ્યું કે કંઈક વિરાધના કરી ને, ઊંધું ચીતર્યું તો દેવ-દેવીઓએ પછાડ્યા.



કોઈનાય ધર્મના સ્થળે જઈએ તો એમના કાયદા પાળવાના. એનો નેગેટિવ વિચાર પણ નહીં કરવાનો. હસાય નહીં, મશ્કરી ના કરાય, એનું ઊંધું ના બોલાય.

આ કાળના મનુષ્યો પૂર્વવિરાધક છે. પૂર્વ વિરાધક એટલે કોઈ ધર્મ કે ધર્મગુરુ માટે અવળું બોલેલા. આપણે દેવ-દેવીઓનું આરાધન એટલા માટે કરવાનું કે એમના તરફનો કોઈ 'ક્લેઈમ' ના રહે, આપણને પસાર થવા દે અને 'હેલ્પ' કરે. કોઈનુંય અવળું ન બોલવાથી કે ન જોવાથી, શાસન દેવ-દેવીઓ જ નહીં, પણ જીવમાત્ર જોડે સારું થાય.

# આ તો નવી



દાદાશ્રી : એક ફેરો પાલીતાણામાં ભગવાનનાં દેરાસરમાં ત્રિમંત્રો હું બોલ્યો અને પછી ચોખાને બધું પડ્યું. લોકોનાં મન ધર્મથી છેટા જાય છે ને, તે દેવલોકો આવું કરીને પણ એને આમ વાળે છે. શ્રદ્ધા બેસાડી દે છે.

જાત્રા પહેલા નીરુમા જાતે બધા મહાત્માઓ માટે નાસ્તો બનાવડાવતા. સેવ મમરા, ચેવડો, પોપકોર્ન, બિસ્કિટ, સીંગદાણા, ડ્રાયફ્રૂટ વગેરે બધુ નાની નાની પ્લાસ્ટિક બેગમાં એક એક માટે પેક કરાવડાવે અને બધા મહાત્માઓને આપે, જેથી ગાડી વહેલી મોડી-થાય તો ક્યાંય કોઇને તકલીફ ન પડે.



# જાત્રા

પ્રશ્નકર્તા : દાદા, આપની પાસે બેસવાથી આપે એવું કીધેલું કે આખા હિંદુસ્તાનમાં બધા તીર્થો છે, એ તીર્થોની જાત્રા કરી હોય, એ જાત્રા કરતા પણ વધારે ફળ આપની પાસે બેસીને આપના દર્શન કરવાથી થાય છે.

દાદાશ્રી : એટલે આની વેલ્યુ મપાય એવી નથી. જેટલી સમજણ એટલો લાભ ઊઠાવે.





એકવાર જાત્રામાં નીરુમાએ ટ્રેનમાં સામાયિક કરાવી. જેટલા બારીમાંથી દેખાય એના શુદ્ધાત્મા જોવાના. ડબ્બામાં પીનડ્રોપ સાયલન્સ થઇ ગયું. ત્યારથી બધાને શુદ્ધાત્મા જોવાની પ્રેક્ટિસ શરૂ થઇ ગઇ.

૧૯૭૧માં લગભગ ત્રીસેક મહાત્માઓ દાદાશ્રી સાથે ચાર ગાડીઓ લઈને સાઉથ ઈન્ડિયાની જાત્રાએ ગયેલા. રાતના સમયે બધા તિરૂપતી બાલાજી પહોંચ્યા. તે વખતે કોઈને ખબર નહોતી કે તિરૂપતી બાલાજીના દર્શન માટે સવારના ચાર વાગ્યાથી લાઈનો થવા લાગે છે. બધા મહાત્માઓ આરામથી નવ વાગ્યે દર્શન કરવા પહોંચ્યા. પહોંચીને લાંબી લાઈનો જોઈ ત્યારે ખ્યાલ આવ્યો કે દર્શનનો વારો આવતા તો રાત પડી જશે. કોઈકે જણાવ્યું કે વ્યક્તિ દીઠ સો રૂપિયા આપીને જલ્દી દર્શન થઈ શકે. દાદાને જ્યારે આ વાત જણાવી ત્યારે દાદાએ કહ્યું, "લાંચ આપીને દર્શન ના કરાય. અને આમ પણ ત્રીસ લોકોના દર્શન માટે ત્રણ હજાર રૂપિયા ખર્ચાતા હશે ?" આપણે એમ કરીએ, આપણે અહીંયા બેસીએ અને તિરૂપતી બાલાજીને બહાર બોલીવીએ !"

દાદાના કહ્યા મુજબ એક ઝાડ નીચે સાફ કરીને પૂજાનો સામાન પાથર્યો. દાદાએ ત્યાં વિધિ કરી અને જોરથી બોલ્યા. "તિરૂપતિ બાલાજી કી જય હો ! કરો દર્શન બધા !" અને બધાને તિરૂપતી બાલાજીના એકઝેટ દર્શન થયા. બધા મહાત્માઓએ દાદા સાથે ભક્તિ પદો ગાયા અને ખૂબ આનંદ કર્યો.

રાત્રે બધા મહાત્માઓ એક હોટલમાં ડીનર લેવા ગયા. ત્યાં તિરૂપતી બાલાજી ટ્રસ્ટના ચીફ એન્જિનીયરે દાદાને જોયા. દાદાના ગળામાં આમ હાર જોઈને, એમણે એક મહાત્મા પાસે દાદાનો પરિચય માંગ્યો. મહાત્માએ દાદાની ઓળખાણ કરાવી અને સાથે સાથે મંદિરની બહાર દાદાએ કરાવેલા તિરૂપતી બાલાજીના અલૌકિક દર્શનની વાત પણ કહી. પેલા એન્જિનીયર તો આશ્ચર્યચકિત થઈ ગયા. એમને થયું કે આ બધા મહાત્માઓને બાલાજીના સરખા દર્શન થવા જ જોઈએ. એ ભાઈએ બધું અરેન્જમેન્ટ કરાવ્યું અને દાદા સાથે મહાત્માઓને તિરૂપતી બાલાજીના ગર્ભગૃહમાં લઈ જઈ શાંતિથી દર્શન કરાવ્યા.

આમ મહાત્માઓએ આનંદ-ઉલ્લાસ પૂર્વક બંને દર્શન પ્રાપ્ત થયા.

જોયું મિત્રો, દાદાશ્રીના સાનિધ્યની અસર !

# તિરૂપતી બાલાજીને બહાર બોલાવીએ !



# જાત્રાનો હેતુ

જે જે ક્ષેત્રમાં જઈએ ત્યાંના પરમાણુઓ આપણને અસર કરે. જેમ કુરુક્ષેત્રમાં જઈએ, તો ન ઝઘડવું હોય તોય આપણે ઝઘડવા લાગીએ. એમ ભગવાન જ્યાં જ્યાં વીચર્યા હોય ત્યાં ભગવાનના પરમાણુઓ હોય. એટલે એ ક્ષેત્રમાં જઈએ તો આપણને શાંતિ લાગે. ભક્તિ આરાધનાના ભાવો જાગે. માટે જાત્રામાં જવાનું.











જૈનો હોય તો વૈષ્ણવના મંદિરમાં ના જાય, વૈષ્ણવો જૈનોના મંદિરમાં ના જાય. એટલે કે કોઈ એક ધર્મના લોકો બીજા ધર્મસ્થાનકમાં ના જાય, આંટી પડી ગઈ હોય. વીતરાગ ભગવાનોને આવું કંઈ ના હોય. એટલે દાદા બધે લઈ જતા. હિંદુઓના મંદિરોમાં, મુસલમાનોના મસ્જિદમાં, શીખના ગુરુદ્વારામાં, ખ્રિસ્તીના ચર્ચમાં. કારણ કે અનંત અવતારમાં આપણે જાણે અજાણે કોઈ ભગવાન માટે ભાવ બગાડ્યા હોય, વિરાધનાઓ થઈ હોય તો એ બધું ધોવા માટે જાત્રામાં જવાનું. કારણકે હવે આપણે મોક્ષે જવું છે. માટે બધાની માફી માંગી લઈ ચોખ્ખા થઈ જવાનું.




# સમેત શિખરજી

૧૯૭૭-૭૮માં દાદા બધા મહાત્માઓને સમેત શિખરની જાત્રાએ લઇ ગયા હતા. આ જાત્રા દરમિયાન દાદા એક એક મહાત્માઓ સાથે બેઠા હતા. એક એક મહાત્માઓએ એમની આખી જિંદગી દરમિયાન થયેલી ભૂલો દાદા પાસે ખુલ્લી કરી પસ્તાવો કર્યો હતો. દાદાએ દરેકને એ ભૂલોમાંથી પાછા ફરવાના ઉપાયો દેખાડ્યા હતા. કોઇકને કડક રીતે તો કોઇકને સમજાવીને. કોઇકને એમની ન દેખાતી ભૂલો દેખાડીને. જ્ઞાનીના ટચમાં આવવાથી આ થાય. જ્ઞાનીથી દૂર રહીએ તો આવું ના થાય. આ જાત્રાનું ફળ.

જાત્રાને જેકપોટ કેમ કહ્યું. જ્ઞાનીની નજીક જવાય. જ્ઞાનીની નજીક રહેવાથી તેઓ પોતાના લાગવા લાગે. અને ત્યારે આલોચના (ભૂલ ખુલ્લી કરવી) થઇ શકે ને. નહીં તો ભૂલ થતી હોય, ખટક્યા કરતી હોય પણ કહેવાય નહીં. પણ નજીક આવવાથી હિંમત આવે અને આલોચના થઇ શકે અને મુક્તિ મળી શકે.




# જાત્રાથી જેકપોટ







શ્રી સમેત શિખરજી, એ ભારતના ઝારખંડ રાજ્યમાં આવેલું જૈનોનું એક મહત્વપૂર્ણ યાત્રા સ્થળ છે. આ યાત્રા સ્થળની મહત્વતા એ છે કે વર્તમાન ચોવીસ તીર્થંકરોમાંથી વીસ તીર્થંકર ભગવંતો અહીં નિર્વાણ પામ્યા છે. તે દરેકની સ્મૃતિમાં અહીં દેરીઓ બનાવેલી છે.

સમય જતાં મંદિરો જીર્ણ થવા લાગ્યા. તેથી પરમાત્માના મૂળ નિર્વાણ સ્થળની ખબર પડતી ન હતી. વારેવારે ત્યાં દર્શને આવતા જગતશેઠ ખુશાલચંદે મંદિરોની આ હાલત જોઇ. એમણે શ્રી દેવવિજયજી ગણિની પ્રેરણાથી અટ્ઠમ (ત્રણ ઉપવાસ) તપની આરાધના કરી. તીર્થનું નવનિર્માણ કરાવવાના આશયથી કરેલી તપશ્ચર્યાના ફળરૂપે પદ્માવતી દેવીએ સ્વપ્નમાં જણાવ્યું કે "જ્યાં કેસરના સાથીયા દેખાય તે ચોક્કસ સ્થળોએ ભગવાનનું નિર્વાણસ્થાન સમજવું. તે સ્થાનમાં કુદરતી રીતે થયેલા, સાથીયોઓની સંખ્યા પ્રમાણે તે સંખ્યાના આંક પ્રમાણે તે તીર્થંકરનું નિર્વાણસ્થાન જાણવું."

શાસનદેવીના આદેશ અનુસાર વીસ તીર્થંકરોના કલ્યાણક ચોક્કસ સ્થાન નક્કી થયેલ છે. તે મુજબ દેરીઓ બનાવી તેમાં ભગવાનના ચરણપાદુકાની સ્થાપના કરેલ છે.

અહીં યાત્રા ભોમીયાજીના દર્શન કરીને શરૂ કરવામાં આવે છે. ડુંગર ઉપર હાલ ૩૧ ટુંકો આવેલી છે. જેમાં ૨૦ તીર્થંકર ભગવાનની છે, જે અહીંથી મોક્ષે ગયેલા છે. તેમની સ્મૃતિ રૂપે તે સ્થળે તેમના પદુકાજી સ્થાપન કરેલ છે.

વર્તમાન ચોવીસીના શ્રી ઋષભદેવ ભગવાન, શ્રી વાસુપૂજ્ય ભગવાન, શ્રી નેમિનાથ ભગવાન અને શ્રી મહાવીર ભગવાન સિવાયના વીસ તીર્થંકરો શ્રી સમેત શિખર પહાડ ઉપરથી મોક્ષે ગયા છે.

# જાત્રાનો હેતુ





જ્ઞાની સાથે જાત્રા કરીએ તો એમની દિનચર્યા નજીકથી જોવા મળે કે જ્ઞાની કેવી રીતે સૂઈ જાય છે, કેવી રીતે ખાય છે, કેવી રીતે ઉઠે-બેસે છે, કોની સાથે કેવી રીતે વાતો કરે છે. એમની સહજતા, સરળતા, વીતરાગતા, કેવી ખટપટો કરે. એ બધું જોવા મળે.

દાદા કાયમ કહેતા કે જ્યારે તમે અમને જૂઓ ત્યારે એ શક્તિ તમારામાં ઉત્પન્ન થાય. કોઈ અમને કાચું પાકું ખાવાનું આપી જાય, એ અમે શાંતિથી ખાઈ લીધું, જ્ઞાની આટલા મોટા સ્ટેજ ઉપર હોવા છતાં આપણા જેવા થઈને રહે, એ જ્યારે તમે જૂઓ ત્યારે એ શક્તિ તમારામાં ઉત્પન્ન થાય.





એડજસ્ટમેન્ટ લેતા શીખવાનો સૌથી મોટો પ્રસંગ એટલે જાત્રા. ટાઈમે જમવાનું ન મળે, સૂવાનું ન મળે, ટાઈમે પહોંચીએ નહીં તેથી પાછળના ટાઈમટેબલ બદલાઈ જાય, રહેવાનું-ખાવાનું ગમે તેવું મળે, ત્યારે એડજસ્ટમેન્ટ લેતા આવડે. આપણા ઘરમાં તો આપણો જ પલંગ, આપણો જ તકીયો, આપણી જ ચાદર, આપણી જ જગ્યા એટલે વાંધો ન આવે. જાત્રામાં ગમે તેવું ભેગું થાય ત્યારે મહાત્માઓ એકબીજાને જોઈને પણ એડજસ્ટમેન્ટ લેતા હોય, બીજો બીજી રીતનું એડજસ્ટમેન્ટ લેતો હોય, એટલે એ જોઈને આપણને પણ સૂઝ પડતી જાય.

# સુંદર સમજણનો લ્હાવો !



સાલ ૧૯૬૯ની વાત છે. એકવાર દાદા ચાર-પાંચ મહાત્માઓ સાથે મહેસાણા સીમંધર સ્વામીના મંદિરે ગયા હતા. દર્શન કર્યા બાદ તેઓ ત્યાંની ભોજનશાળામાં જમવા ગયા. એ દિવસે જમવામાં બે પડવાળી રોટલી હતી. એક મહાત્માએ બે પડવાળી રોટલી ક્યારેય ખાધેલી નહીં એટલે એ રોટલી જોઈને તેઓએ દાદાને કહ્યું, દાદા, રોટલી કાચી લાગે છે.

આ સાંભળી દાદા તરત જ મોઢા પર આંગળી મૂકી બોલ્યા, 'ચૂપ, કોઈપણ તીર્થ સ્થાનકમાં ભોજન વ્યવસ્થાની ખોડ કાઢવી નહીં કે અવગુણ બોલવા નહીં. દેવલોકો નારાજ થઈ જાય.'

તે દિવસથી એ મહાત્મા શીખી ગયા. જ્યારે જ્યારે જાત્રાએ જાય કે કોઈ મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવમાં જાય કે કોઈપણ ધર્મ સ્થાનકમાં જાય અને ભોજનમાં કાચા ભાત કે ઓસામણ આવે તો ક્યારેય કંઈ બોલાય નથી જે સમયે જે પ્રાપ્ત થયું તે લઈ લેવાનું.





# કંઈક નવું જાણીએ...

**ધર્મ - ખ્રિસ્તી**

**મુખ્ય તીર્થ સ્થળો : બેથલેહેમ, જેરુસલેમ, વેટિકન સીટી**

જેરુસલેમ - ઈઝરાયેલ


જેરુસલેમ યહુદી, ખ્રિસ્તી અને ઈસ્લામ એમ ત્રણ ધર્મો માટે મહાત્મય ધરાવે છે. ઈસુ ખ્રિસ્તને આ શહેરમાં સ્તંભ પર ચડાવવામાં આવ્યા હતા અને અહીં જ તેમનો દેહવિલય થયો હતો.

બેથલેહેમ - પેલેસ્ટીન

ઈસુખ્રિસ્તનો જન્મ બેથલેહેમમાં થયો હતો.



બેથલેહેમ



મક્કા

**ધર્મ - ઈસ્લામ**

**મુખ્ય તીર્થ સ્થળો : મક્કા, મદીના, જેરુસલેમ**

મક્કા - સાઉદી અરેબિયા

ઈસ્લામ ધર્મમાં મક્કા શહેરમાં કાબાને સૌથી પવિત્ર સ્થળ માનવામાં આવે છે. અહીં ઈસ્લામના પ્રવર્તક મુહમ્મદ સાહેબનો જન્મ થયો હતો. મક્કાની યાત્રાને ઈસ્લામ ધર્મમાં 'હજ' કહેવામાં આવે છે.

**ધર્મ : શીખ**

**મુખ્ય તીર્થ સ્થળ : ગોલ્ડન ટેમ્પલ, અમૃતસર**

સેવાને પ્રોત્સાહન આપતું આ પવિત્ર ધર્મ સ્થાન, સમાનતા અને શાંતિનો સંદેશ ફેલાવે છે. દરરોજ પચાસ હજારથી વધુ લોકોને આ મંદિરના રસોડે મફત ભોજન પીરસાય છે.



ગોલ્ડન ટેમ્પલ

## ધર્મ - જૈન
## મુખ્ય તીર્થ સ્થળો : શ્રી સમેત શિખરજી, પાલીતાણા



પાલીતાણા

**પાલીતાણા**

વર્તમાન ચોવીસમાંથી ત્રેવીસ તીર્થંકરો પાલીતાણા ટેકરી પર આવ્યા હતા. પાલીતાણા પહાડો પર ૩૦૦૦ કરતા પણ વધારે નાના મોટા દેરાસરો છે !

**શ્રી સમેત શિખરજી**

વીસ તીર્થંકરોની નિર્વાણ ભૂમિ અને સેંકડો સાધકોની સાધના ભૂમિ એટલે સમેત શિખર.

## ધર્મ - બૌદ્ધ
## મુખ્ય તીર્થ સ્થળ - બોધગયા, સારનાથ

**બોધગયા - બિહાર**

મહાન સમ્રાટ અશોકે સૌ પ્રથમ આ જગ્યાએ મંદિરની સ્થાપના કરેલી. આ મંદિરમાં જુદી જુદી રાષ્ટ્રીયતા ધરાવનાર, જુદી જુદી સંસ્કૃતિઓમાં ઉછરેલા હજારો શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવે છે.



સારનાથ



સોમનાથ

## ધર્મ : હિંદુ
## મુખ્ય તીર્થ સ્થળો : વારાણસી, સોમનાથ, રામેશ્વરમ

**વારાણસી - ઉત્તર પ્રદેશ**

વારણસીમાં ગંગા નદીના કાંઠે કેટલાક ખ્યાતનામ મંદિરો છે. કાશી વિશ્વનાથ મંદિર શિવ ભગવાનના બાર જ્યોતિર્લીંગમાંનું મુખ્ય મંદિર છે.

## ધર્મ : હિંદુ
## મુખ્ય તીર્થ સ્થળો : મથુરા, પુરી, દ્વારકા, તિરુપતી

**મથુરા**

ભગવાન કૃષ્ણની જન્મભૂમિ તરીકે ઓળખાતી મથુરા નગરી અને નજીકમાં જ આવેલું વૃંદાવન ઘણાં બધા મંદિરોની ભૂમિ છે.

**તિરુપતી**

તિરુપતીની નજીકમાં આવેલું તિરુમાલા વેંકટેશ્વર દેવસ્થાન ભારતના સૌથી પવિત્ર તીર્થમાંથી એક છે. અહીં ભગવાન વેંકટેશ્વરનું મંદિર આવેલું છે.



તિરુપતી

# ધન્ય એ દિવસો મારા !

૧૯૯૫-૯૬ની આ વાત છે. પૂજ્યશ્રી અને નીરુમા સાથે મહાત્માઓની રાજસ્થાન જાત્રા ગોઠવાયેલી. જીવનનો સૌથી અમૂલ્ય અવસર એ જાત્રામાં મને પ્રાપ્ત થયો. નીરુમાએ મને દીપકભાઈનો સામાન ઊંચકવાની સેવા સોંપી. એ સેવા કરતા કરતા મેં પૂજ્યશ્રીના એવા જબરજસ્ત એડજસ્ટમેન્ટ જોયા કે એ પ્રસંગો મારા હૃદયમાં અંકિત થઈ ગયા અને આજે પણ મારી સ્મૃતિમાં એટલા જ તાજા છે.

અમે સહુ નાકોડા પહોંચ્યા. બધા મહાત્માઓને ઉતારો અપાઈ રહ્યો હતો. નીરુમાનો ઉતારો એક રોયલ હોટલમાં ગોઠવાયો હતો અને પૂજ્યશ્રીનો ઉતારો બીજા આપ્તપુત્રો સાથે એક નાનકડી જગ્યામાં રખાયો હતો. તે દિવસે સંજોગોનુસાર ત્રણ વાર પૂજ્યશ્રીની રૂમ બદલવામાં આવી. ત્રણ ત્રણ વાર સામાન સાથે બીજા રૂમમાં જવાનું પણ પૂજ્યશ્રીના ચહેરાની રેખા સહેજ પણ ના બદલાઈ. પૂજ્યશ્રીની સરળતા અને એડજસ્ટમેન્ટ લેવાની શક્તિ મને સ્પર્શી ગઈ.





સામાન મૂકવા હું રૂમમાં ગયો અને રૂમની સાઈઝ જોઈને મને આંચકો લાગ્યો. લગભગ દસ બાય આંઠ ફૂટની નાનકડી રૂમમાં પૂજ્યશ્રીને ઉતારો અપાયો હતો. હું બાજુની રૂમમાં સૂવા ગયો ત્યારે પૂજ્યશ્રીએ મને પ્રેમથી આગ્રહપૂર્વક પોતાની જ રૂમમાં સૂવાડ્યો. તે દિવસે પૂજ્યશ્રીને જોઈને અગવડતામાં સગવડતા કરવાની સુંદર રીત શીખી.

આગળ જતા, જોધપુરમાં પૂજ્યશ્રીનો ઉતારો એક મહાત્માના મહેલ જેવા ઘરમાં રાખવામાં આવ્યો. સંકડાશમાં પૂજ્યશ્રીની જે સ્થિતિ હતી તે મોકળાશમાં પણ એવી જ હતી. મેં જોયું કે પેલા નાનકડા રૂમમાં પૂજ્યશ્રીના ચહેરા પર જેવો આનંદ હતો તેવો જ આનંદ અહીંયા પણ હતો.

જાત્રાના દિવસોમાં પૂજ્યશ્રીના સાનિધ્યમાં હું મારા જીવનનો બોધપાઠ શીખી ધન્ય થઈ ગયો.

# 75 years BIRTHDAY CELEBRATION

*forever sweet sixteen*





















Akram Express

**January 2020**
**Year : 12, Issue : 5**
**Conti. Issue No.: 137**

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month

# અને છેલ્લે છેલ્લે...



અલાસ્કાની વાત છે. નીરુમા બસ્સો જેટલા મહાત્માઓ સાથે ક્રુઝમાં પંદર દિવસની જાત્રાએ ગયા હતા. જેવી ક્રુઝ શરૂ થઈ કે પંદર જ મિનિટમાં નીરુમાએ એમની સાથેના બ્રહ્મચારી ભાઈને કહ્યું, " આપણે જતા રહેવું છે ? પંદર દિવસ ક્રુઝમાં શું કરીશું ?"

બ્રહ્મચારી ભાઈ તો ચોંકી ગયા. એમણે કહ્યું, નીરુમા, હવે કંઈ ન થઈ શકે. પૈસા ભરાઈ ગયા અને ક્રુઝ તો ચાલુ થઈ ગઈ.

નીરુમા ચૂપ થઈ ગયા.

પેલા ભાઈએ પૂછ્યું, "શું થયું નીરુમા ? કેમ જવાની વાત કરો છો ?"

નીરુમાએ ખૂબ કરુણા સાથે જવાબ આપ્યો, "પંદર દિવસ અહીં ક્રુઝમાં એમ ને એમ રહેવાનું. એટલા દિવસ સત્સંગ થશે નહીં, જગતના લોકો જ્ઞાન પામવાના રહી જશે."

પણ કંઈ થઈ શકે એમ નહોતું. અંતે જાત્રા તો પૂરી કરી પણ નીરુમા આખી જાત્રા દરમ્યાન સંપૂર્ણ વીતરાગ હતા. મહાત્માઓને આનંદ કરાવતા પણ એમને દુનિયાના કેટલા લોકો સત્સંગ અને જ્ઞાનથી વંચિત રહી ગયા એનું દુઃખ હતું.

જ્ઞાનીની આવી કરુણા અને વીતરાગતા જાત્રામાં જોવા મળી.

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **# #** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.